# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮** **અંક : ૨૨૬**

પ્રમુખ
**મણીકાંત મેઘજી મોમાયા**
મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
**email : hydkmm@gmail.com**
**Web : www.kutchibhavanhyd.org**

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
**email :chandraprabhagraphics@gmail.com**

કિંમત - **રૂ. ૧/-**


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

હાલમાં દેશની સ્થિતિ દિવસે દિવસે ડામાડોળ થઈ વણસતી જાય છે. આ કપરા સમયમાં ઘણીજ મુશ્કેલીઓનો સામનો આપણે કરી રહ્યા છીએ. દેશના રાજકારણમાં ભ્રષ્ટ અને અસામાજિક તત્વો ગોઠવાઈ ગયા છે. મોંઘવારીની ઝપટમાં સમાજનો ઘણો ખરો વર્ગ આવી ગયો છે. આપણા ધંધાઓની હાલત અસ્ત-વ્યસ્ત છે. વર્તમાન સમયમાં આખા દેશમાં દરેક કક્ષાએ ભ્રષ્ટાચાર અને મોટે ભાગે સતા સ્થાને બેઠેલા યોગ્યતા વિહિન અને સ્વાર્થી નેતાઓ દ્વારા પાયમાલી ચાલુ છે.

લોકસભાની ચૂંટણીઓ આવી છે. આપણા રાજ્યમાં સાથે સાથે વિધાનસભાની ચૂંટણી પણ થશે. સમય આવ્યો છે જાગૃત થવાનો. દેશ-સમાજ વિરોધી ઉમેદવારોને વીણી વીણીને સાફ કરવાનો. આપણો સમાજ મતદાન પ્રત્યે એટલો જાગૃત નથી. મતદાનની મહત્તા સમજી આપણે ફરજિયાત મતપ્રયોગ કરવો જરૂરી છે. સ્વચ્છ છબી વાળા ઉમેદવારને આપણે આપણા વિસ્તારનું પ્રતિનિધિત્વ સોંપવું જોઈએ.

આપણા સમાજમાંથી રાજકારણ ક્ષેત્રે પ્રતિનિધિત્વ નહિવત્ છે. સમય આવી ગયો છે આપણા સમાજને આગળ લાવવા આપણા પોતાના પ્રતિનિધિત્વને આગળ કરવું જરૂરી છે.

આપણા સમાજમાંથી અભ્યાસમાં તેજસ્વી યુવાનો યુવતીઓએ યુનિયન પબ્લિક સર્વીસ કમીશનની પરીક્ષાઓ પાસ કરીને સરકારી નોકરીઓમાં અધિકારી કક્ષાએ દાખલ થઈને પ્રમાણિક અધિકારી તરીકે કાર્ય કરી ગ્રેજ્યુએટ થયા પછી પણ એક-બે વર્ષ ઉચ્ચ કક્ષાના કોચીંગ કલાસમાં ફૂલ ટાઈમ અભ્યાસ કર્યા પછી પાસ કરી શકાય. આવા ઉમેદવારોને પ્રથમ વર્ગની નોકરીમાં ચાન્સ ન પણ મળે તો કલાસ-૨ની નોકરીઓમાં જરૂર ચાન્સ મળી જાય. પબ્લિક સેકટર કોર્પોરેશનોમાં પણ અધિકારી ગ્રેડમાં ચાન્સ મળી શકે. આવી નોકરીથી મજાની જિંદગી ઉપરાંત રાષ્ટ્ર તેમજ સમાજની મોટી સેવા થઈ શકે. હાલમાં આપણા સમાજમાંથી કોઈ, IAS, IPS, IRS કે IFS, અધિકારી તરીકે કાર્યરત હોવાનું જાણમાં નથી.

મંડળની પ્રવૃતિઓ રૂટીન પ્રમાણે ચાલે જ છે. વાર્ષિક પરીક્ષાઓમાં આપણા બાળકો વ્યસ્ત છે. ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. આ વર્ષે કાળઝાળ ગરમીના એંધાણ વર્તાય છે. સમાજના હિત માટે આપના સૂચનો આવકાર્ય છે.

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org**
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**

# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

ઉનાળો બેસી ગયો છે અને ગરમીની શરૂઆત થઈ ગયેલ છે. હવામાન ખાતાની આગાહી મુજબ આ વર્ષે હૈદરાબાદમાં ગરમી ૪૫ ડીગ્રી સુધી પહોંચવાની શકયતા છે.

વાતાવણમાં તો ગરમી છેજ સાથે સાથે આ વર્ષે લોકસભા તથા અમુક સ્ટેટોમાં એસેમ્બલીની ચુંટણી આવતા દેશમાં રાજકીય ગરમી પણ ચરમસીમા પર છે. રાજકીય પાર્ટીના નેતાઓની જગ્યે જગ્યે ભરાતી રેલીઓ, જાહેરાતો તથા ટી.વીના માધ્યમથી અને હવે સોશ્યલ માધ્યમથી, સહુ પોતાની પાર્ટી આગામી પાંચ વર્ષોમાં દેશની જનતા માટે શું કરશે તેની ખાત્રી આપવાની કોશિષમાં લાગ્યા છે.

આપણે મતદાતાઓએ કોના વચન ઉપર ભરોસો કરવો, કઈ પાર્ટી દેશનો વિકાસ કરશે અને જનતાનું જીવન સુખમય બનાવશે અને કઈ પાર્ટીને મત આપવો તે ખરેખર એક મુંઝવતો પ્રશ્ન છે. આપણી બુધ્ધી મુજબ જે કોઈ ઉમેદવારને પાર્ટીને આપણે ભરોસાપાત્ર માનીએ પણ મહત્વની બાબત એ છે કે આપણે આપણા મતાધિકારનો જરૂર ઉપયોગ કરીએ અને દેશ માટે એક સ્થીર સરકારને ચુંટી કાઢીએ. **પાંચ વર્ષે આ એક સુવર્ણ અવસર મળે છે, રખે ગુમાવતા !**

## DONATE EYES LIVE TWICE

**ANU FOOD PRODUCTS**

All Types of **BOMBAY NAMKEEN, KERELA, BANANA CHIPS, POTATO CHIPS, SOYA STICKES, PANI PURI ETC...**

**# 3-2-332. Down to Manju Theatre, Opp. Pochamma Temple, Secunderabad-3**

Wholsellers & Bakers can contact : **99080 21300**

*Salesmen are Welcom*

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

નાણાકીય વર્ષ ૨૦૧૩-૨૦૧૪ પુર્ણ થયેલ છે અને નવું નાણાકીય વર્ષ પ્રારંભ થયેલ છે. નવા વર્ષમાં સમાજની પ્રગતિ, ઉન્નતી અને દરેક પરિવારની તંદુરસ્તી માટે મંગલ કામનાઓ.

કારોબારી સમિતિની એક સભા તારીખ ૩૦-૩-૨૦૧૪ રવિવારના દિવસે યોજવામાં આવેલ હતી જેમાં સમાજ ઉપયોગી નિર્ણયો લેવામાં આવેલ છે.

૧) ડાયગ્નોસ્ટીક રીપોર્ટ માટે જે ૨૫% વળતર આપવામાં આવતુ હતું. તે વધારીને ૩૫% કરવામાં આવેલ છે.

૨) રૂા. ૧૫૦૦૦/- થી ઓછી આવક વાળાઓને ફેમીલી દીઠ એક વ્યક્તિ ને રૂા. ૧.૫૦ લાખનું મેડીક્લેમ ઈન્સુરેંસ લેવામાં આવતું હતું તે હવેથી ફેમીલીમાં બે જણ (પતિ -પત્ની) ને રૂા. એક લાખનું અલગ અલગ લેવામાં આવશે.

૩) પોસ્ટ ગ્રેજ્યુએશનમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ માટે મેરીટ પ્રમાણે સ્કોલરશીપ યોજના શુરૂ કરવામાં આવશે, જેમાં વધૂમાં વધૂ રૂા. ૫૦,૦૦૦/- સુધીની રકમ સ્કોલરશીપ રૂપે આપવામાં આવશે.

વધૂ વિગતો સમિતિઓના અહેવાલમાં આપવામાં આવેલ છે.

તા. ૮-૩-૨૦૧૪ ના દિવસે મહિલા સમિતિ દ્વારા એક સફળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ સંચાલિકા શ્રીમતિ ખુશાલીબેન અને એમના સાથીઓને અભિનંદન.

તા. ૨૩-૩-૨૦૧૪ નાં દિવસે સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂકતા લાવવાની પરીચર્યા સ્વ. ડુંગરશી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે મળી આયોજન કરવામાં આવેલ. મહેમાન ડો. સેતુ બાબુ દ્વારા સુન્દર અને સરળ ભાષામાં **લીવર અને કીડની** પત્યેની સમજ આપવામાં આવી હતી. આ કાર્ય માટે શ્રી કિર્તીભાઈ કાપડીયા અને શ્રી પંકજ વલ્લભજી સાવલા અને એમના સાથી કાર્યકરોને અભિનંદન સાથે હેલ્થ ઈન્સુરેન્સ ને લાગતા પ્રશ્નોતરનું આયોજન કરવામાં આવેલ જેમાં શ્રી મધુ મોદાનીએ ઉપસ્થિત સર્વેને હેલ્થ ઈન્સુરેન્સ માટેના પ્રશ્નોનો જવાબ આપેલ. સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેનાર દરેક મેમ્બરનો આભાર.

ઓફીસ અને દવાખાનાનું વિસ્તરી કરણનું કાર્ય લગભગ પુર્ણ થવા આવેલ છે. ટુંક સમયમાં દવાખાના નવી જગ્યામાં શીફ્ટ કરવામાં આવશે.

ગ્રીન રૂમ મધ્યે ફરનીચરનું કાર્ય કરાવવામાં આવેલ છે.

સમાજમાં યુવાવર્ગનું ભાગ લેવું, સમાજ પ્રત્યે એમની જવાબદારીઓ સ્વીકારવાનો સમય આવી ગયેલ છે, જેવી રીતે દરેક ક્ષેત્રમાં યુવાવર્ગ સફળતા પુર્વક આગળ વધી રહેલ છે. એમ એમની કાર્ય શક્તિઓથી સમાજ પણ ઉન્નતીના નવાશિખરો ચડે એવી મનોકામના.

યુવા સમિતિના સંચાલન માટે યુવાવર્ગ આગળ આવે અને એમની વિચાર ધારા સમાજ ઉપયોગી બની રહે એવી અપેક્ષા.

રમત ગમત ક્ષેત્રમાં ઘણું નવુ કાર્ય વિચાર માંગી લે છે, રમત ગમત એવું ક્ષેત્ર છે જેમાં નાનામોટા દરેક જણ ભાગ લઈ શકે છે, આ કાર્ય માટે ઉત્સુક મેમ્બર પોતાનું યોગદાન આપી શકે છે.

શૈક્ષણીક વર્ષ પણ લગભગ પુર્ણ થવા આવેલ છે વિદ્યાર્થીઓની પરીક્ષાઓ આરંભ થઈ ગયેલ હશે, દરેક વિદ્યાર્થીઓને સફળતા માટે શુભ કામનાઓ.

ભવન મેનટેનેન્સનું કાર્ય વ્યવસ્થિત રીતે ચાલુ છે, આગામી વાર્ષિક જનરલ બોડી મીટીંગ લગભગ જૂન માસમાં યોજવામાં આવશે.



## ભાવજત સમિતિ

**સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

**FAMILY INVESTIGATION CARD**

★ માર્ચ માસ પુરું થઈ ગયેલ છે. જેઓએ હજુ સુધી Family Investigation Card રીન્યુ ન કરાવેલ હોય તેઓએ 'કચ્છી-ભવન'ની ઓફિસમાં સવારે ૯ થી ૧૨ અને બપોરના ૨ થી ૬ દરમ્યાન તુરંત કરાવી લેવા વિનંતી. કાર્ડ રીન્યુ ન કરાવતા ડાયોગ્નોસ્ટીક સેન્ટર ડીસ્કાઉન્ટ નહીં આપે તે જાણશો.

★ **Investigation (Testing)** કરાવ્યા બાદ ભવનમાંથી ૨૫% Discount આપણે આપતા. જણાવતા આનંદ થાય છે. કે તા. ૧-૪-૨૦૧૪ થી તે વધારી ૩૫% આપવામાં આવશે. બાકીની શરતો પહેલા મુજબ જ રહેશે.

★ **Mediclaim Insurance Renewal** અત્યાર સુધી રૂા. ૧૫૦૦૦/- કે તેથી ઓછી આવક વાળાને રૂા. ૧.૫૦ લાખનું મેડિક્લેમ ઈન્સ્યુરન્સનું કવરેજ કરાવી દેતા હેતા. તેમાં સુધારો કરેલ છે અને હવેથી ફેમિલીમાં બે જણને (Mr. & Mrs.) રૂા. ૧-૧ લાખ નો મેડિક્લેમ ઈન્સ્યુરન્સનું કવરેજ દેવામાં આવશે. આ સમાજની ઉપયોગી સ્કીમનો લાભ જેઓ એ હજુ સુધી ન લીધું હોય તેઓ જરૂરથી લાભ લેશો. અરજી કરતી સમયે પગારની સર્ટીફીકેટ આપવી જરૂરી છે.

★ સભ્ય મેમ્બર તથા એના કુટુંબના કોઈ પણ વ્યક્તિને ઉપરોક્ત કોઈ પણ યોજનાનો લાભ લેવો હોય તો Family Investigation Card / KMM નો Identity Card સાથે લાવવું જરૂરી છે.

તા. ૨૩-૩-૨૦૧૪ ના રોજ ડુંગરશી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ સાથે મળી ડો. સેતુબાબુનો એક લેક્ચર (સેમીનાર) કચ્છી-ભવનમાં રાખવામાં આવેલ. આસરે ૨૨૫ સભ્યોએ આનો લાભ લીધેલ. આ સેમિનાર ગોઠવવા માટે શ્રી પંકજ વલભજી સાવલાને અભિનંદન.



## SHANTI PRIMARY SCHOOL

Correspondent : **NAVINCHAND HARIA**, 98850 31232

After dazzling 8th Annual Day Programme, the Children were busy with their fast apporaching final exams held on 4th April 2014.

We have just completed the longest term at School with a fair mix of activities of various kinds. Admissions are opened for classes Nursery to V.

**Wanted Teachers** for pre-primary classes for the comming academic year. Any graduates can drop their resume with photograph and copies of Certificates at Kutchi Bhawan's Office, addressed to the correspondent of Shanti Primary School Mr. Navinchand Haria.

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
9848129772

Wishing all the students of class 12 and above best of luck for the forthcoming entrance examinations in various streams of Science / Commerce / Arts / Law.

It is decided to conduct **aptitude** and **counseling** session by a team of reputed Counselors in the 3rd or 4th week of April 2014. This session will be for students of IX / X / XI and XIIth standards. Exact time and date will be intimated by SMS.

To encourage more number of students from our community to go for Higher Studies it is proposed to start a **Scholarship Grant** for a **Meritorious** student going in for **POST GRADUATION** in any course from the **Academic Year 2014-15.**

The grant will be the amount of First Year Fees or **Rs. 50,000/-** (Rupees Fifty Thousand) whichever is minimum.

The Student will be selected on the following criteria.

1. Selection will be based purely on **Merit with Highest marks in graduation.**
2. Applicant Should have completed his/her graduation with a minimum of **85.5%** or **9 CGPA.**
3. Applicant should submit the following documents along with the application letter mentioning KMM Membership number of the Parent.

   a. Passport size photograph

   b. Photo copies of Marksheets of **Xth, Inter or 12th and Degree all semesters.**

   c. Certificates of Extra-curricular activity, if any, in Sports or Arts.

We hope this will motivate the students to perform well and avail this opportunity provided by the Samaj.

***Learn Calligraphy, Typography, Quilling, Origamy, Parchment, Fancy Satin Bows, Flower making, Drawing and many more...***

**Contact : HEERAL DEDHIA - 93481 77770 - MANISH DEDHIA - 93470 23917**
**4-5-756/1, Near Health League School, Badi Chowdi, Hyderabad**

(જા.ખ.)

*Enjoy Summer Holidays*

**LEARN GUJRATI & ABACUS**

Contact : **PRAVIN SAVLA**
C/12, Pragati Society, Ramkote, Hyderabad. **Ph : 040-2475 58371**
**(Persons who can teach Gujrati are welcome)**

(જા.ખ.)



# અભિનંદન

## શ્રી દિનેશ કલ્યાણજી ગોસર

(વિઢ-હૈદરાબાદ)

અખીલ ભારતીય માનવાધિકાર આયોગ

*(All India Human Rights)*

ના સક્રિય સભ્યપદે

નિયુક્ત થવા બદલ હાર્દિક અભિનંદન...

**શુભેચ્છા સહ**

ધનજી લખમશી સાવલા
દામજી જીવરાજ નાગડા
હરીલાલ ભીમશી સાવલા
રમણીકલાલ લીલાધર નાગડા
ખીમજી ડુંગરશી મામણીયા
ચીમનલાલ લાલજી ગાલા
અરવિંદ કેશવજી છેડા
દિર્ગેશ હીરજી નિશર
દેવચંદ રામજી છેડા
મહેન્દ્ર શામજી મોતા
ચંદ્રકાંત નાગરદાસ શાહ



મણીકાંત મેઘજી મોમાયા
સુશીલ ધીરજલાલ કાપડિયા
અમૃતલાલ ભાણજી નિશર
પોપટલાલ કેશવજી છેડા
તલકશી ભાણજી ગડા
સુરેશચંદ્ર હીરજી ગોસર
પ્રેમચંદ કેશવજી છેડા
તારાચંદ હીરજી ગોસર
અનિલ મેઘજી નાગડા
રિદ્ધીશ રમેશ જાગીરદાર
મનોજ હંસરાજ નાગડા



**Heartly Congratulation**

**G. Kishan Reddy**
BJP State President & MLA

**Diddi Rambabu**
GHMC Floor Leader & Corporater

(જા.ખ.)

# સભ્યપદ સમિતિ

સંચાલક : હરેશ હેમરાજ દેઢિયા

સહર્ષ જણાવવાનું કે મંડળની ૩૦-૩-૨૦૧૪ નાં મળેલ કારોબારી સભામાં નીચે જણાવેલ નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી પ્રજ્ઞા હીતેશ કેનીયા | મુન્દ્રા | P/1018/3/14 |
| ૨ | શ્રીમતી રૂચી આશીષ વોરા | નવીનાર | R/1016/3/14 |
| ૩ | શ્રીમતી દીપ્તી અતુલ સાયલા | સુથરી | D/1020/3/14 |
| ૪ | શ્રીમતી તોરલ રિદ્ધીશ લોડાયા | બાંઢિયા | T/1004/3/14 |
| ૫ | શ્રી સિદ્ધાર્થ કાંતિલાલ લોડાયા | બાંઢીયા | S/1020/3/14 |
| ૬ | કુમાર આકાશ વીલેશ ગાલા | મોટી ખાખર | A/1011/3/14 |
| ૭ | શ્રી ખીરેશ ડુંગરશી લાલકા | વાંકુ | K/1025/3/14 |
| ૮ | શ્રી હિતેશ હીરાચંદ લોડાયા | રાપર ગઢવારી | H/1022/3/14 |
| ૯ | શ્રી કપીલ તરૂણ સાવલા | નાના ભાડિયા | K/1026/3/14 |
| ૧૦ | શ્રી નવીનચંદ દેવજી સોની | વાંકુ | N/1020/3/14 |
| ૧૧ | શ્રીમતી પુનમ પ્રીતેશ લોડાયા | રાપર ગઢવારી | P/1019/3/14 |
| ૧૨ | શ્રી નરેન્દ્ર ધરમશી ડાઘા | સુથરી | N/1021/3/14 |
| ૧૩ | શ્રીમતી અમી અમીત દેઢીયા | નવાવાસ | A/1012/3/14 |
| ૧૪ | શ્રી કશ્યપ તીલકચંદ મૈશેરી | બાંઢીયા | K/1027/3/14 |
| ૧૫ | શ્રીમતી કરીશ્મા સમેશ મોતા | વારાપધર | K/1028/3/14 |
| ૧૬ | શ્રીમતી હેનલ ગૌરવ ગાલા | લાખાપર | H/1023/3/14 |
| ૧૭ | શ્રી કૈલાસ શાંતીલાલ છેડા | મોટા આસંબીયા | K/1029/3/14 |
| ૧૮ | શ્રી અમીત કેશવજી કોઠારી | કોટડા (શેકાવાલા) | A/1013/3/14 |
| ૧૯ | કુમાર સાગર નલીન શાહ | ભુજ | S/1021/3/14 |
| ૨૦ | શ્રીમતી સુનંદા ભરત સાયલા | મોટા આસંબીયા | S/1022/3/14 |

***ઉપરોક્ત સર્વે સભ્યો ને મંડળ વતી હાર્દિક અભિનંદન....***

નોંધ : શ્રી કચ્છી મિત્ર મંડળનાં કોઈ પણ સભ્યનું અવસાન થયેથી અને એમનાં પરિવારમાં બીજી કોઈ પણ વ્યક્તિ મિત્રમંડળના સભ્ય ન હોય તો એ કુટુંબના એક સભ્યને અતિવિશેષ સભ્ય તરીકે લઈ શકાય છે.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા | - | ૧૧૦૦૦ | - | - | - | - | - |
| શ્રી પ્રફુલ્લ કુંવરજી ધરોડ | - | ૧૦૦૦ | - | ૧૦૦૦ | - | ૫૦૦ | - |
| શ્રીમતી પ્રભાબેન મણિલાલ સંઘોઈ કુ.શ્રુતી હિતેન સંઘોઈની સગાઈના શુભ પ્રસંગે | ૧૦૦૦ | ૫૦૦૦ | ૪ | ૩૦૦૦ | - | - | - |
| ચિ. ધ્રુવ રીશી કલ્પેશ મહેતાના ૭માં જન્મદિન પ્રસંગે | - | ૨૦૦ | - | - | - | - | - |
| શ્રી કાચીગુડા મહિલા ગ્રુપ | - | - | ૩ | - | - | - | - |
| સખી મિલન | - | - | ૨ | - | - | - | - |

**ઉપરોક્ત સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર**

**મૂઠ્ઠીભર અનાજ યોજના :** ૨૫ કિલો ચોખા - / ૧૦ કિલો દાળ - } સ્વ. ચંપાબેન નવિનચંદ્ર ભેદાની બીજી પુણ્યતિથી નિમિત્તે

**છાસ વિતરણ :** પ્રતિવર્ષ મુજબ છાસ વિતરણ તા. ૫-૪-૨૦૧૪ શનિવારના દિવસથી "માનવ સેવા" સંઘ હેઠળ આ પ્રવૃત્તિ ચાલુ થશે. એક દિવસનો નકરો રૂા. ૭૦૦૦/- રાખવામાં આવેલ છે. વધુ વિગત માટે સંપર્ક શ્રી હિતેનભાઈ સંઘોઈ, ફોન. ૯૮૪૯૧ ૬૪૨૨૧ ને કરવા વિનંતી.

*Bharat Bhatt*
ASTROLOGER / VAASTU CONSULTANT
4-3-200, Kandaswamy Bagh, Behind Sai Baba Temple,
Sultan Bazar, Hyderabad 500 095. Tel : +91-40 2476 0948, Cell : +91-94404 98308
Gmail : bbastrobhatt@hotmail.com
(જા.ખ.)


દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| સગપણ | ચિ. ખ્યાતી ખુશાલ લક્ષ્મીચંદ ગાલા | સાભરાઈ | હૈદરાબાદ |
| | ચિ. નિરવ નિતિન ગોવિંદજી હરીયા | સાભરાઈ | મુંબઈ |
| | ચિ. શ્રુતિ હીતેન મણીલાલ સંગોઈ | ટોડા | હૈદરાબાદ |
| | ચિ. રોનક જવેરચંદ તેજરાજજી જૈન | ખાડલા | મુંબઈ |
| | ચિ. વીરેન વલભજી સાવલા | બેરાજા | હૈદરાબાદ |
| | ચિ. કીંજલ અશ્વીન દેઢીયા | તલવાણા | આકોલા |
| શુભ લગ્ન | ચિ. અભિષેક જયેન્દ્ર મહેતા | અંજાર | હૈદરાબાદ |
| | ચિ. હીના લાલચંદ હરજાની | આબુરોડ | હૈદરાબાદ |

**Change of Address** — **Nitin T. Vora,** 3-4-484/9, Street No. 5, Lane No. 4, 1st Floor, Smt. Prabhavati Devi (Sri Jagdiswar S) Barkatpura, Hyderabad - 500 027

## સંસ્થા સમાચાર

❖ **દિવ્ય શ્રાવક સામાયિક મંડળ : જીનેશ્વર ધામ.**

દિવ્ય શ્રાવક સામાયિક મંડળના એપ્રિલ માસના અતિથી વિશેષ તરીકે **શ્રીમાન શ્રેષ્ઠિવર્ય શ્રી ગૌતમચંદજી મિશ્રીલાલજી** ગુગલીયા રહેશે.


# વંદના પર્લ્સ ડીલર

નું નવું એડ્રસ ૨-એ, સુબોદયા એપાર્ટમેન્ટ, બોગુલકુન્ટા, ફર્નાનડીશ દવાખાનાની બાજુમાં કરવામાં આવેલ છે. તેથી સમસ્ત કચ્છી ભાઈ-બહેનોને જણાવવાનું કે તમારે મોતીના દાગીનાની ખરીદી કરવા માટે ઉપરોક્ત સરનામાં પર આવવું.

આ ફેરફાર એપ્રીલની ૧ તારીખથી કરવામાં આવેલ છે.

ફોન નં. ૨૪૭૫ ૪૨૧૨ અને મોબાઈલ નં. ૯૨૪૬૩૧૯૫૭૫, ૯૯૬૩૨૫૯૨૮૧ પર સંપર્ક કરશોજી.

આ સર્વીસ કાયમ ચાલું રહેશે.

**લી. જીતેન્દ્ર પ્રેમજી ગોગરી**

(જા.ખ.)

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer **Mehandi & Self Grooming Courses**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# SONA HANDLOOMS

***Exclusive Dress Materials***



- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

**Special Offer 30% off on Ladies Under Garments**

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

(જા.ખ.)

## શાંતિવન સમિતિ

સંચાલક : **મહેન્દ્ર દેવશી વોરા, ૯૨૪૬૧૮૫૬૩૧**
સહ સંચાલક : **ભરત જેઠાલાલ ગાલા**

સવિનય જણાવવાનું કે સમિતિ આપણા સર્વેના આનંદ માટે પ્રસ્તુત કરે છે.

## "ગૌરવ અંતાક્ષરી"

**તા. ૪-૫-૨૦૧૪ને રવિવાર, સમય : સાંજના ૪.૩૦ કલાક થી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન,**

આ કાર્યક્રમમાં પચાસ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. કુલ્લ આઠ ટીમો રહેશે. એક ટીમમાં ત્રણ સ્પર્ધક રહેશે. પહેલા ચાર ચાર ટીમોના બે સેમીફાઈનલ રાઉન્ડ રહેશે, ત્યાર બાદ ફાઈનલમાં ચાર ટીમો રહેશે જેમાં પ્રથમ અને દ્વિતીય વિજેતા ટીમને ઈનામ આપવામાં આવશે.

તો આવો આપણે માણીએ વિવિધા સભર અંતાક્ષરીનો આનંદ અને સૂરીલા ગીતો ગાઈએ. સંગીતના સથવારે જૂના સંભારણા તાજા કરીએ. આ કાર્યક્રમ સમાજના દરેક સભ્યો માટે છે.

કાર્યક્રમ દરમ્યાન સમાજના એક વડિલ દંપતિનું સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમના સૌજન્ય દાતા : શ્રી મણીકાંતભાઈ મેઘજીભાઈ મોમાયા.

ભાગ લેનાર સ્પર્ધકે તેમની ટીમ (ત્રણ વ્યક્તિ)ના નામ નીચે આપેલ નંબર પર તા.૨૭-૪-૨૦૧૪ સુધી લખાવી દેવા વિનંતી. એન્ટ્રી અને જાણકારી માટે : મહેન્દ્ર વોરા - ૯૨૪૬૧ ૮૫૬૩૧.

**અલ્પાહરની વ્યવસ્થા છે.**

## સાધન સામગ્રી સમિતિ

સંચાલક : **મણીલાલ રામજી ધરોડ**

સભ્ય ભાઈઓની જાણ ખાતર. આપ કચ્છી ભવનથી જે સાધન સામગ્રી લઈ જાઓ છો, તે હવેથી સવારના ૯ વાગ્યા થી સાંજના ૭ વાગ્યા સુધીમાં લઈ જવા વિનંતી. એમજ પાછા આપવાનો ટાઈમ પણ એજ રહેશે, જેની નોંધ લેશો.

રસીદ જે આપને આપવામાં આવે છે, તે હીસાબ કરવા માટે સાથે લઈ આવવી જરૂરી છે. આપના નવીન સુચનો આવકાર્ય છે.


**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને ઝિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ડે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ

❊ પાંચ ધાન્યના (મગદરીયા) લાડું
❊ ફીણીયા લાડું
❊ ડ્રાયફ્રુટ લાડું (ઘંઉના)
❊ અદરખ ડ્રાયફ્રુટ લાડું



સીવાય

• સાંગલીના ભડંગ • સાંગલીની હળદળ • સાંગલીની કિશ્મીસ • કાળી દ્રાક્ષ
બીજાપુર ની શીંગદાણાની ચટણી અને જુવાર ના ખાખરા
સિકંદરની શીંગ • ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

**●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●**
મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦ મો. ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

# વિવિધા

## પૂછે તે પામે

પૂછતાં પૂછતાં માણસ પોતાના લક્ષ્યસુધી પહોંચી જાય છે. પૂછીને જ બાળક બુદ્ધિમાન બને છે. સંપત્તિ અને સાધનના ક્ષેત્રમાં કહેવામાં આવ્યું છે કે સંતોષી નર સદા સુખી પરંતુ જ્ઞાનના ક્ષેત્રમાં કહેવામાં આવ્યું છે, ''પૂછે તે પામે'' જેનામાં જેટલી જિજ્ઞાસા હશે, એટલીજ એની પ્રગતિ થશે. જિજ્ઞાસા માત્ર શબ્દ નથી એતો આત્મ જાગૃતીનો શંખનાદ છે. પ્રશ્ન મગજના પેટારામાંથી નિકળતા રત્નો છે. મગજ આપણને પ્રકૃતિ તરફથી મળેલ એક અનમોલ ખજાનો છે. સેંકડો શાસ્ત્રો મળીને પણ એક મગજનું નિર્માણ નહીં કરી શકે પરંતુ એક મગજ એકલું સેંકડો શાસ્ત્રોનું નિર્માણ કરી શકે છે. જે મગજનો સદ્‌ઉપયોગ કરી લે છે તે સફળ થઈ જાય છે. જે મગજનો ઉપયોગ નથી કરતા તે અસફળતાના વમળમાં ફસાઈને જિંદગી પૂરી કરી લે છે. વ્યક્તિએ શરીરને સારૂ રાખવાની સાથે જ મગજને પણ સારૂં રાખવા તરફ ધ્યાન આપવું જોઈએ. કારણ કે સંપૂર્ણ શરીર પોતાની જાતે જ વિકસે છે. પરંતુ મગજ નહિં. એને તો કોશિશ કરીને વિકસાવવું પડે છે.

**– ખુશાલ વી. લોડાયા**

## કોણ કરે ?

**નિસ્બત છે અમારે ધરતીથી, તુજ સ્વર્ગનું વર્ણન કોણ કરે ?**
ઘર-દીપ બુઝાવી નાંખીને, નભ-દીપને રોશન કોણ કરે ?
**જીવનમાં મળે છે જ્યાં જ્યાં દુઃખ, હું જાઉં છું ત્યાં ત્યાં દિલપૂર્વક**
મારાથી વધુ મુજ કિસ્મતનું, સુંદર અનુમોદન કોણ કરે ?
વીખરેલ લટોને ગાલો પર, રહેવા દે પવન, તું રહેવા દે
પાગલ આ ગુલાબી મોસમમાં, વાદળનું વિસર્જન કોણ કરે ?
**આ વિરહની રાતે હસનારા, તારાઓ બુઝાવી નાખું પણ,**
એક રાત નભાવી લેવી છે, આકાશને દુશ્મન કોણ કરે ?
**જીવનની હકીકત પૂછો છો ? તો મોત સુધીની રાહ જુઓ**
જીવન તો અધુરૂં પસ્તક છે, જીવનનું વિવેચન કોણ કરે ?
**લાગે છે કે સર્જક પોતે પણ કંઈ શોધી રહ્યો છે દુનિયામાં**
દરરોજ નહિતર સુરજને, ઠારી ફરી રોશન કોણ કરે ?

– સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.
(જા.ખ.)


HEALTH CARE PRODUCTS & SURGICALS
Walking Aids
Cot
Weel Chairs
Commode
Glucometer
B.P. Moniter
Nebuliser
for Adult Diapers, Glucometers, B.P. Monitors
Orthotics, Nebulisers & Hospital Needs
Credit Cards Accepted
VIVIDHA ASSOCIATES
(A HOUSE OF HEALTH CARE AND SURGICAL NEEDS)
Dr. Melkote Park Lane, Vitthalwadi, Narayanaguda
Ph. (O) : 64592624/96667 70177



ચૈત્રી નવરાત્રિ એટલે આદ્ય શક્તિની આરાધના - સાધનાનો વિશેષ અવસર આવા પવિત્ર દિવસોમાં જગત જનની 'માં' જગદંબાને પ્રાર્થના કરીએ.

## હે જગદંબા

હું મારી જાતને તારી કૃપા પર છોડું છું
મને સતત તારા સ્મરણમાં રાખ
ઈન્દ્રિયોના સુખ હું શોધતી નથી, માં !
શોધતી નથી કીર્તિ કે અલૌકિક શક્તિઓ,
હું તો કેવળ તારે માટેનો પ્રેમ માંગુ છું –
નિર્ભેળ પ્રેમ, ઈચ્છા થી ખરડાયા વિનાનો
તેને દુન્યવી વસ્તુઓમાં કોઇ ભાગ નથી જોઈતો
વળી હે માં !
તારો આ બાળ દુનિયાના પ્રલોભનો થી
મોહાઈ ને તને ભૂલી ન જાય, એવું કરજે
સુવર્ણની કે વાસનાની મોહજાળ મને કહીં
ખેંચી ન જાય, એવું કરજે
માં, તું શું સમજતી નથી કે મારે
તારા સિવાય બીજું કોઈ નથી ?
તારા નામનો ગાન કેમ કરવું તે હું જાણતી નથી
મારામાં એ ભક્તિ કે જ્ઞાન નથી
જે મને તારા ભણી દોરી જાય
મારામાં સાવ સાચો પ્રેમ પણ નથી
તારી અસીમ કૃપા વડે મારા પર એ
પ્રેમ વરસાવ એ હું માંગુ છું

**– રશ્મિ રાજેશ લોડાયા**

## બીજો કોઈ વિકલ્પ નથી

બહાર આટલો વિકાસ છતાં માણસ સંતાપગ્રસ્ત કેમ ?
સુવિધાઓના ઢગલા વચ્ચે પણ માણસ સંતાપગ્રસ્ત કેમ ?
આટઆટલો અધ્યાત્મનો ઉહાપોહ છતાં આટલો અંજપો કેમ ?
ભોગ ઉપભોગની પ્રચુર સામગ્રીઓ વચ્ચે પણ માણસ અતૃપ્ત કેમ?
ગલી ગલીમાં ધર્મગુરૂઓની ભીડ છતાં દુનિયામાં આટલું અંધારૂ કેમ?
આટ આટલો ત્યાગ છતાં ભોગનું આકર્ષણ છુટતું કેમ નથી ?
ખુબ ધાર્મિક ક્રિયાઓ કરતો માણસ પણ બદલાતો કેમ નથી ?
મનોરંજનના અઢળક સાધનો છતાં માણસ પ્રસન્ન કેમ નથી?
મોક્ષની ઉંચી ઉંચી વાતો કરનાર પણ બંધનમાં શા માટે ?
આ બધા સળગતા પ્રશ્નોમું સમાધાન એટલે જ

**'બીજો કોઈ વિકલ્પ નથી'**

**– વલભજી મેઘજી સાવલા**

## इस प्यार को क्या नाम दूँ

तन भी है ...
मन भी है....
मगर वह हुन्नर कहाँ,
मैं तुझे छु लुं !
तूं रूप रूप की अवतार है ।
तेरे सुंदरताकी चका चौंध पर...
मेरी जान भी कुरबान है !
दिन मेरा ये शायराना है ।
शायरी मेरा हक है ।
तेरी मुसकुराहट मेरी आरजू है ।
एक अनजान संवेदना में
बह जाना मेरा शौक है ।
आशीकी उसीका नाम है ।

– हंसवकुमार रायचंद सायला

**DONATE BLOOD SAVE LIFE**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# મહામાનવીને ભાવાંજલિ

**(પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે શ્રી ધીરજભાઈ કાપડીઆને શ્રધ્ધાંજલિ)**

**(રાગ : જહાં ડાલડાલ પર)**

જેના રોમ રોમમાં વહેતી હતી સેવાની અમૃતધારા,
ધીરજભાઈને વંદન અમારા... (૨)
માનવ સેવાને માધવ સેવા માની જીવી જનારા, ધીરજભાઈને વંદન અમારા (૨)
હેય માનવી... મહામાનવી... (૨)

માતા અમૃત ને પિતા ટોકરશીભાઈની આંખના તારા..., ... (૨) હતા આંખના તારા
ધર્મ સંગીની લીલમબેન સંગાથે કાર્ય કર્યા બહુસારા... સતકાર્ય કર્યા બહુ સારા
પુત્ર સુશિલને પુત્રી વર્ષા પર વ્હાલ વરસાવી જનારા...
ધીરજભાઈ ને વંદન અમારા... (૨) હે માનવી મહામાનવી... ૧

અનેક સંસ્થાઓના સ્થંભ બની બન્યા એ સર્જન હારા.... બન્યા એ સર્જન હારા
શિક્ષણ સંસ્થાઓ ઉભી કરી બન્યા વિદ્યાર્થીઓના તારણહારા... (૨) વિદ્યા આપાવનારા
જીવલેણ દર્દીઓની સહાય કરી દિલોમાં વસીજનારા... ધીરજભાઈને વંદન અમારા
હે માનવી મહામાનવી.... (૨) ૨

અનાથોના એ નાથ બન્યા, સાધર્મિકના સહારા... (૨)
જમણો આપેને ડાબો ન જાણે એ રીતે આપી જનારા... એ રીતે અપાવી જનારા...
મોટા થી મસલતો કરે નાના થી ભળી જનારા... ધીરજભાઈને... વંદન અમારા (૨)
હે માનવી મહામાનવી.... (૨) ૩

મિત્ર મંડળમાં લાવ્યા નવો જોશ યુવા પેઢીને આવકાર્યો... યુવા પેઢીને આવકાર્યો
આજે એમને યાદ કરીને ભીની થઈ જાય છે આંખો... ભીની થઈ જાય છે આંખો
“અજ્ઞાની” કહે છે આપણને કેવા “એપ્રિલ ફુલ” બનાવ્યા....
ધીરજભાઈને વંદન અમારા.... (૨)
હે માનવી મહા માનવી... (૩)
દક્ષિણ ભારતના ક.વી.ઓ. સમાજના એ પિતામહ... મસીહા... બન્યા એ મસીહા
એમના સાનીધ્યમાં રહી મળી અમને નવી વિચારધારા.... (૨)
મળી નવી વિચારધારા
જેના રોમ રોમમાં વહેતી હતી સેવાની અમૃતધારા,
ધીરજભાઈને વંદન અમારા... (૨)

રચીયતા... **“અજ્ઞાની” મહેન્દ્ર દેવશી વોરા,** હૈદરાબાદ



# હાર્દિક અભિનંદન

## ડૉ. દિશા હીના હીતેન નાગડા

માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ જેવત નાગડાની
પૌત્રી - ગામ : વરંડી મોટી
માતુશ્રી દેવકાબેન લખમશી ગડાની દોહિત્રી,
ગામ : ભોજાય

શ્રીમતી હીના હીતેન નાગડાની સુપુત્રી ચિ. દિશા M.B.B.S.ની
પરિક્ષામાં સફળ થઈને ડોકટરની પદવી પ્રાપ્ત કરી કુટુંબનું સપનુ સાકાર કરેલ છે.
ઊજ્જવલ ભવિષ્ય માટે શુભકામના તથા આશીર્વાદ.

સ્નેહાધિન : હર્ષા અતુલ નાગડા - કાકા-કાકી
રાજશ્રી પંકજ ગોસર - ફુઈ-ફુવા
બહેન/ભાઈ : તરંગ, દ્રિષ્ટી, કેવલ, વિરાગ, અચીરા

(જા.ખ.)

# D'signer Dress Materials & Kurties

**(SPECIALLY IN COTTON COLLECTION)**

at ***Urmi Manilal Dharod***



4-1-10/101, Panchratan Aprt., Ramkote,
Tilak Road, Opp. Wesly Charch, Hyderabad
Ph : 6534 8809, 92465 08809

**TIMMING : 11.00 AM TO 6.00 P.M.**

**WE ALSO HAVE SUMMER SPECIAL**

# Sharabats

**PINK ROSE, KHUS, CHANDAN**
**TOO COOL FOR HOT SUMMER**

(જા.ખ.)

## રસોડાના કામને સહેલું બનાવી, રસોઈ સ્વાદિષ્ટ બનાવશે આ કિચન ટિપ્સ

આમ તો રસોઈ બનાવવાની કળા તો સ્ત્રીમાં જન્મજાત જ હોય છે. દરેક સ્ત્રીને સમય થતાં રસોઈ આવડી જતી હોય છે. **પરંતુ જેમ રસોઈમાં ગરમ મસાલો ઉમેરતાં રસોઈના સ્વાદમાં વધારો થાય છે, તેમજ કેટલીક ટિપ્સ અજમાવવાથી રસોઈમાં પણ સ્વાદ અને સુગંધ બન્ને ભળે છે. તેથી જ માત્ર જૂની રીતથી રસોઈ ના બનાવતાં કઈક નવું તો અજમાવવું જ જોઈએ.**

- ☛ રાયતું બનાવતી વખતે તેમાં એક ચમચો ક્રીમ કે મલાઈ નાખવાથી રાયતું વધારે સ્વાદિષ્ટ લાગશે.
- ☛ કોઈ પણ દાળને બાફતી વખતે જ તેમાં હળદર નાખી દેવાથી તેનો સ્વાદ જ કંઈ ઓર આવશે.
- ☛ ઢોંસા કે ઈડલીના સંભારને ઘટ્ટ બનાવવા તેમાં થોડો કોર્નફ્લોર ભેળવી દો. સંભાર ઘટ્ટ બનવા સાથે સ્વાદિષ્ટ પણ લાગશે.
- ☛ ભેળમાં સેવ કે પાપડીને બદલે ક્યારેક કોર્નફ્લેક્સ નાખવાથી તે વધારે સ્વાદિષ્ટ લાગે છે.
- ☛ લોટની પૂરીને નરમ બનાવવી હોય તો તેમાં થોડો મેંદો અને એક ટેબલ સ્પૂન ખાંડ નાખીને ગૂંથો.
- ☛ પરાઠા બનાવતી વખતે લોટમાં એક બાફેલુ બટાકુ અને અજમો નાખો. ઉપરથી એક ચમચી માખણ નાખો. પરાઠા સ્વાદિષ્ટ લાગશે.
- ☛ ભજિયા, મગવડા, બટાકા કટલેસ સર્વ કરતી વખતે ઉપરથી ચાટ મસાલો ભભરાવો. મજા ડબલ થઈ જશે.
- ☛ લીંબુને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે લીંબૂને એક બરણીમાં ભરીને ફ્રિજમાં મુકી દો. લીંબૂ ખરાબ નહીં થાય અને તેનો રંગ પણ સલામત રહેશે.
- ☛ લોટમાં મોણ આપવા માટે ધીને ધુમાંડો છોડતા સુધી ગરમ કરો. પછી મોણ આપો. ઓછા ઘી માં જ તમારી બનાવેલી વસ્તુ કુરકુરી થઈ જશે.
- ☛ કેળાંને તાજા રાખવા એને એક ભીના કપડામાં બાંધી પ્લાસ્ટિકની થેલીમાં રાખો.
- ☛ ઘીમાં થોડીક ખાંડ ભેળવી દેવાથી લાંબા સમય સુધી ઘીનો રંગ અને સ્વાદ એવો ને એવો જળવાઈ રહેશે.
- ☛ ફરસી પૂરી બનાવતી વખતે મેંદાના લોટમાં મીઠા અને જીરા અને મરીનાં ભૂકાને ઉકાળેલા થોડાંક પાણીમાં ભેળવી તેજ પાણીથી લોટ બાંધવાથી મરી અને જીરૂ ચોટેલા રહેશે.
- ☛ અડદની દાળનાં દહીંવડા બનાવતી વખતે તેની પેસ્ટમાં થોડોક મેંદો ઉમેરવાથી દહીંવડા સફેદ અને મુલાયમ થશે.
- ☛ કાબુલી ચણા બાફતી વખતે એક ચમચી સાકર ઉમેરવાથી ચણા જલ્દી બફાઈ જશે.
- ☛ મીઠાની બરણીમાં ભેજ લાગતો હોય તો તેમાં થોડાક ચોખા રાખી મૂકવાથી મીઠામાં ભેજ નહી લાગે.
- ☛ રોટલીનો લોટ બાંધતી વખતે લોટમાં એક ચમચો મલાઈ ભેળવવાથી લોટ કુણો બંધાશે અને રોટલી પાતળી વણાશે તેમજ સુકાશે નહીં.
- ☛ સમોસા કે ઘુઘરા તળતી વખતે ફાટી જતા હોય છે એને ટાળવા સમોસા કે ઘુઘરામાં સોયથી એક બે કાણા પાડી દો. તેનાથી માવો બહાર પણ નહીં આવે કે ફાટશે પણ નહીં.
- ☛ મસાલા પૂરી બનાવતી વખતે લોટમાં થોડું ગરમ ઘી અથવા તેલ મિક્સ કરવાથી પુરીઓ કરકરી અને સ્વાદિષ્ટ બનશે.
- ☛ દહીંવડાં બનાવવા માટે દાળને વાટતી વખતે એમાં બે બટાટા મસળીને નાંખશો તો દહીંવડાં પોચાં બનશે.
- ☛ ઈડલીને મુલાયમ બનાવવા ચોખા પલાળતી વખતે આઠથી દસ દાણા મેથીના નાખવા.

— સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# ઘર બને તીરથધામ

સર્પોએ રહેવા રાફડાઓ બનાવ્યા, ઉંદરોએ પણ દર બનાવ્યા, કીડીઓએ પણ રહેવા દર બનાવ્યા તો પક્ષીઓએ રહેવા માળા બનાવ્યા, પશુઓએ પણ રહેવા ગુફાઓ શોધી, માણસે પણ રહેવા માટે ઘર બનાવ્યા પણ આ માણસોએ રહેવા ઘરો બનાવ્યા તો અબોલા પશુઓ માટે પાંજરાપોળોય પણ ઉભી કરી સાથે સાથે અનાથ અને અપંગો માટે આશ્રમોય ખોલ્યા, એથીય આગળ વધીને તેણે વૃધ્ધાશ્રમો પણ ખોલી દીધા. દરેકને પોતાના ઘર સાથે એક લાગણીનુ તંતુ બંધાઈ જાય છે. જન્મ જયાં થયો... જીવન જયાં વીત્યું.. અને વિદાય જ્યાંથી થવાની છે એ ઘર સાથે એક એટેચમેન્ટ બંધાઈ જાય છે. ઘર એક પવિત્ર જગ્યા છે, જ્યાં સહયોગ અને સત્કાર્યના શ્વાસની ધડકન ધબકતી હોય છે. સવારથી સાંજ સુધી બહાર ભટકતા માનવી ને પણ ઘર આવતા 'હાશ' થાય છે. ત્રાસ બહાર છૂટી જાય છે.

કુદરત પાસેથી પ્રેરણા પામી પશુ-પંખીઓ પણ પોતાના મસ્ત ઘરો/માળાઓ/દરો બનાવે છે. આ ઘર સાથે ચાર ચીજોનો વિકાસ અનિવાર્ય છે.

૧) ઘરની સાથે પ્રીત થાય : એક શેરીનો કુતરો પણ શેરી સાથે પ્રીત જમાવી દે છે. કોઈ એને ખતપત્ર નથી લખી આપતું છતાં એને ક્ષેત્ર સાથે જોડાણ થઈ જાય છે.

૨) સંચય : ઘરના વિકાસમાં આ સંચય પણ જરૂરી છે. જરૂરતના સમયે ઉપયોગી થવાની ભાવનાના બીજ આ સંચયમાં ધરબાયેલા છે. સંચય અને સંગ્રહખોરી બને વચ્ચે ફરક છે. જે જાત માટે સાંકડો થઈ શકે, તે જગત માટે પહોળો થઈ શકે છે. માંગણ વૃતિ નહિ પણ આપવાની બાવના સાકાર થઈ શકે છે. જગડુશા દાતારે દુષ્કાળના કાળમાં પોતાના સંચય કરેલા અનાજનાં કોઠારો આમ જનતા માટે ખુલ્લા મૂકી દીધા હતાને...!

૩) વિનિમય : ઘરનાં વિકાસમાં આ વિનિમય ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. ઘરના સભ્યોની અંદર વિચારોનો વિનિમય ઘણા કલેશોથી અને ગેરસમજણના પાપથી બચાવે છે.

૪) સમભાવ : વિનિમયથી સમજણનો સ્તર વિસ્તરે છે, સમજણનો પૂર્ણ વિકાસ થતા સમભાવની પ્રાપ્તી થાય છે. ઘર ભાવના મંગલમય બને છે.

ભાડૂતી લોજ, ભાડુતી હોસ્પીટલ, ભાડુતી સેનેટોરીયમ થોડા દિવસ ખેંચાવી શકે... પરંતુ જીંદગીના સ્વપ્નને ખીલવનારુ તો ઘર જ છે. ઘરમા ભાવનાની ભીનાશ હોવી જરૂરી છે. ભાવનાનુ અવતરણ થાય તો ઘર તીરથ બની જ જાય, પણ પૈસાની એષણાએ ઘરની પવિત્રતાને અભડાવી દીધેલ છે. સ્વાર્થની દુર્ગંધે માનસ વિકૃત કરી દીધા છે.

છોકરાઓને રમવાના આંગણા ગયા, ખૂલ્લી હવાઓ આવતી બંધ થઈ, પશુ-પક્ષીઓ સાથે આત્મીયતાના નાતા તૂટયા, બંધ કેપસ્યુલ સમા ફ્લેટો અને ડુપ્લેક્ષો આવી ગયા.... હૂંફ અને મનમેળ આ ઘરને નંદનવન બનાવે છે પરસ્પર સહકાર અને એકબીજાના સહયોગી બની રહીએ તો તૂટતા ઘર બચાવી શકાય છે. આ ઘરો કેમ તૂટે છે ? આ રહ્યા કારણો.

૧) સત્તાની સાઠમારી : માતામાં રહેલુ સ્ત્રી પણું અને પત્નીમાં રહેલ સ્ત્રી પણ આ બન્નેમાં સુપ્ત સત્તા, અધિકારની બળતરા, ઈર્ષ્યા ઘર નોખા કરી શકે છે. અમે ને અમારૂ ભર ઉનાળે તાપણું સર્જી શકે છે જ્યારે અમારામાં આપણાનો ધબકાર શિયાળે તાપણું કરાવી શકે છે.

અમારા નુતન સાહસના પ્રારંભ પ્રસંગે અમારો ઉત્સાહ વધારવા અને આર્શીવાદ આપવા પધારેલ સર્વ સ્નેહી સ્વજનો, અને મિત્રોનો આભાર !!!

**Bags N Legs**
Below Coffee Day
Opp. Zodiac, Himayat Nagar,
Hyderabad-29. Ph : 6668 2402
Meena Karani - 90104 95472

**Bombay Luggage N Novelties**
Near State Bank of Hyderabad &
Metro Diagnostics, Nallakunta,
Hyderabad-44. Ph : 6677 7172
Bharat Karani 98481 85595

Branded Luggage Bags : VIP, American Tourister, Polo, Sky Bags etc., School & College Bags : American Tourister, Wild Craft, Sky Bags, Liviya, Pulse Etc.,

***Ladies Footwear in Wide Range & Much more.....***

• EXCHANGE OFFER FOR YOUR OLD BAGS AVAILABLE.
GET EXCITING EXCHANGE OFFER DISCOUNTS.

(જા.ખ.)

NITIN GALA
Cell : 99630 10657

|| श्री ||

SUNITA GALA
Cell : 94408 75034

**Sri Ridhi Sidhi Snacks & Khakras**

Specialist in : TAMOTO STICKS, SEZWAN STICKS, ALL TYPES OF SEV, GHATIYA, CHEWDA, BHAKHARWADI.

All Varieties of : SADA KHAKRAS, DIET KHAKRA, MOBILE KHAKRA, SPECIAL MASALA, CHORA PHARI, NACHNI ETC.,

NEW ARRIVAL : PALAK CONE, BANANA SEV, BANANA STICK,
SUMMER SEASON : MANGOES, AFOOS, RATNAGIRI, DEVGAD ONLY.

*4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,*
*Tilak Road, Hyderabad - 500 001.*

(જા.ખ.)

**BULK ORDER - FREE HOME DELIVERY**

૨) છોકરાઓની લડાઈ : દેરાણી-જેઠાણીના છોકરાઓ તો લડે, ઝગડે પાછા એક થઈ જાય, પણ એના પક્ષ લઈને મોટાઓમાં થતો ભેદ ઘર જુદા કરાવી શકે છે. બહોળા મનના થાઓ, સાંકડા મનનાં ન થાઆ, વહેં ચીને ખાતા શીખો, ખવરાવીને ખુશ થાઓ.

૪) આજે રોલ બદલાયા છે : દરેકની પાસેથી અપેક્ષાઓ ઓછી કરી નાખવી.

આ બધી ચીજો ઉપર ધ્યાન અપાશે તો શકય છે ઘર તૂટતા બચશે, પ્રેમવધે. શરીર ચાલે છે શ્વાસથી, ને કુટુંબ ચાલે છે વિશ્વાસથી એ ન ભૂલશો.

**– જયાબેન મગનલાલ મારૂ**

## एक बात कहूँ ?...

– हंसकुमार सायला

राज,....

....नही...नही... अब नही, मुझसे चुप नही रहा जाता । आज तक चुप रही । मगर अब नही सहा जाता । राज ! तुम्हारी यह हालत खुली आँखो से देखते हुए सब कुछ कह देने के सिवा रहा नही जाता । राज ! मेरी दीदी पागल है । मै उसे हमेशा समझाती रही, ``दीदी ! मेरी बात मानजाओ ! राज देवता है । उसे हाँ कह दो । उसकी भी जिंदगी सँवर जाएगी और वह भी तूम्हे सुखी बना देगा । मगर आज तक उसने मेरी बात मानी नहीं कितना समझाया उसे । जब-जब भी मैंने तुम्हारी बात उसके सामने निकाली । वह मुझपर खीज उठती । पागलों के माफीक चिखती है । कहती है, ``चूप कर अंजू ! यह बकवास बंद कर । भगवान के लिए उसकी बात मेरे सामने मत निकाला और सीसकते हुए मेरे सामने से चली जाती है । मैं अपनी दीदी के विचित्र व्यवहार से अचरज में पड जाती हूँ । समझमें नही आता दीदी के दिल मे तुम्हारे प्रति क्या भरा है ।

राज ! एक बात कहूँ ? मानोगे ! मुझे गलत तो नही समझोगे राज ! तुम मेरी दीदी से जितना प्यार करते हो उतनाही मुझसे कर सकोंगे । राज मै तुमसे मोहब्बत करती हूँ । मैं तुमसे प्यार करती हूँ । तुमने अगर अपनी जिंदगी में मुझे स्थान दिया तो तुम्हारी जिंदगी सँवरने के लिए मै तुम्हे जी जानसे सहकार्य दूँगी । मुझे तुम्हारे चरणो मे स्थान दो । राज ! तुम्हारी चरण धुली सर माथे चढाने का अधिकार दो । कहो ना राज ! मानोगे ना मेरी बात । मैं तुम पर अपने प्यार का सारा सागर लुटा दूँगी । राज, जानते हो मैं तुम्हारी कितने सालों से प्रतिक्षा कर रही हूँ । तुम्हारी पूजा दिल ही दिल में कर रही हूँ । याद है वह अपनी पहली पहचान । उस दिनसे भी कई दिन पहले से मैं तुम्हे रोज मंदीर जाते देखती थी । उसी वक्त से तुम्हारे प्रति मेरे दिल मे एक प्रकारका कुतूहल था, कितने भावुक और सीधे-साधे इन्सना हो तूम । कई बार मैने कई लोगों से तुम्हारी चर्चा सुनी । तुम एक महान योगी पुरुष इस नामसे । और फीर तुम्हारी मेरी किसी वजह से पहचान हो गयी । कितना सीधा-साधा था तुम्हारा बोलना चालना तुम्हारी बातों से मै यह जान गयी कि तुम कितने महान विचार अपने दिल में रखते हो । और राज, एक दिन तुम मेरी दीदी से सवाल कर बैठे सीमा, मैं तुमसे मोहब्बत करता हुँ । क्या मैं तुमसे प्यार की अपेक्षा कर सकता हूँ ? इस अचानक पूछे गये सवाल से मेरी दीदी कुछ घभरा गयी। और तब तुम्हारे सवाल का जवाब दिये बीना ही वह तुम्हारे सामने से चली गयी । उसके बाद कई बार तुमने अपने सवाल का जवाब उससे मांगा । मगर उसने हाँ भी नही कहा और न भी नही कहा । तुम प्रतीक्षा के चक्कर मे पडे रहे । तुम्हारा शांत जीवन अशांत हो गया । तुम्हारा जीवन विचलित हो या । तुम्हे कल पर विश्वास था । तुम अपने उस कल का इन्तजार कर रहे थे । जिस दिन सीमा तुम्हारी होकर रहेगी । मगर सीमा ने तुम्हे कभी...कभी...जवाब नही दिया।

कल की हो बात है । दीदी मेरे पास खुद आइ और उसने कहाँ अँजू, तू ठीक कहती है । राज देवता है । मेरे दिल में उसके प्रती बहुत आदर है । मगर चाहते हुए भी कभी मेरे दिल मे राज के प्रती प्रेम भावना निर्माण नही होती । फीर तू ही कडे उससे हाँ कैसे कहूँ । सच ही तो कर रही थी दीदी । दीदी के हाँ करने से क्या हो सकता था । उसके दिलमें तूम्हारे प्रती सहानुभुती जरूर हो मगर प्रेम नही है । न जाने क्यों जो बात दिदी ने मुझसे कही वह क्या तुमसे सीधे क्यों नही कह सकती ? राज इसलिए मैं तुमसे इतना ही कहना चहूँगी कि मुझे मेरी संझील तक पहूँचने के लिए दीदी के दिल का बोझ हलकार करने के लिए और तुम्हारी अपनी जिंदगी सँवारने के लिए

पुकारो मुझे उस नामसे जिस नामसे नाज है तुम्हे ।
तस्वीर उसकी देखो मेरी आंखोमे जीससे प्यार है तुम्हे... ।

तुम्हारीही अंजू...

## THIS MONTH'S PUZZLE

Guess names of Hindi Movies with English Names by rearranging letters in the words which are in jumbled manner.

1. NTWEAD
2. WMORUTDRE
3. GYUBDOARD
4. UIDGE
5. TLEEWIFHEJ
6. UNBHTREGNTINARI
7. RTTDHIEEIOS
8. YTBBMAOOOAG
9. NGEGSATR
10. NSOFAIH
11. AGCTHAIEN
12. AMHNSIKRIOMSSI
13. YESDWENDAA
14. NREINESCHSEAXP
15. EFLHLSOUU

Use your genius and send your right answers in writing to Kutchi Bhavan with phone number by 30-4-2014.

The names of persons giving correct answers will be published in next issue of Niyapo.

## Correct Answers to the last months puzzle 'A' & 'B' are as follows : PUZZLE

A

1) She is a dot on your forehead - Bindu/Bindiya
2) She is always new - Nutan
3) She is for your brother - Rakhi
4) She is a fullmoon - Poonam Dhillon
5) she is for your eyes - Kajal
6) She is remembered by a monument - Mumtaz
7) She is for your neck - Mala Sinha
8) She is on the cheeks - Dimple
9) She is a flower - Juhi
10) She is a magic - Karishma
11) She is on your palms - Rekha
12) She is what we call shyness-Sharmila
13) She is love of a mother - Mamta
14) She is your fortune. - Bhagyashree

B

Identify Indian Cities & States from the following hints :

1) Face - Surat
2) Unmarried Girl - Kanya Kumari
3) Go and Come - Goa
4) Answer State - Uttar Pradesh
5) Green Gate - Haridwar
6) Kings Coat - Rajkot
7) Snake Land - Nagaland
8) Make Juice - Banaras
9) Mr. City - Sri Nagar
10) Rhytham of eyes - Nainital

---

Correct answers to the above 2 Puzzle are received from following congratulations to all :-
Persons 1) Bharati Chandrakant Dedhia, 2) Heena Vipul Gala, 3) Veena Goser, 4) Kumud M. Shah, 5) Smita Dharamshi Mamania, 6) Avani Nitin Gala, 7) Sonal Piyush Gosar, 8) Jyoti Laxmichand Nagada, 9) Neeta D. Malde, 10) Kalpana Rajesh Gada, 11) Surabhi C. Gala, 12) Preethi Tushar Savla, 13) Hansa Praful Dand, 14) Kalpana D. Mehta, 15) Rashmi Rajesh Lodaya, 16) Jinal Manilal Dharod, 17) Seema Ramesh Mehta.

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

## પ્રાર્થના

હે પરમકૃપાળુ પરમાત્મા ! આ આખો લોક દુઃખથી પીડાઈ રહ્યો છે. પ્રભુ મને એ સમજ નથી પડતી કે હકીકતમાં જગતને સુખી કરવાનું તારૂં સામર્થ્ય ઓછું છે કે, અમારી અવળચંડાઈ છે ? તું માનવજાતને સુખી કરવા માંગે છે, છતાં લોકો દુઃખી કેમ થાય છે ? કોઈ કહે છે કે માણસ એના સ્વભાવથી દુઃખી થાય છે. કોઈ કહે છે કે માણસ તેના કર્મોથી દુઃખી થાય છે. કોઈ કહે છે ઈશ્વર દરેકના કર્મો પ્રમાણે સુખ-દુઃખ આપે છે, કોઈ કહે છે માણસ પાપ કરે છે માટે દુઃખી થાય છે, જો પુણ્ય કરે તો સુખી થાય છે. આવી બધી વાતો સાંભળી હે દયાળુ ! મને તો મુંઝવણ થાય છે. આમાં હું શું કરૂં તે મને કહે ? તું મારો સ્વભાવ બદલી નાખ જેથી મને સુખ મળે. તું શું કર્મોને હટાવવા સમર્થ નથી ? જો ના ! તો પછી તારૂં ઐશ્વર્ય શું ? તું પણ પરતંત્ર અને હું પણ ! તો આપણા બેમાં ફરક શું પડયો ? ના પ્રભુ ના, આવું ન કર, જો તારે કર્મો પ્રમાણેજ સુખ-દુઃખ આપવાના હોય તો તું મારી પાસે પુણ્યકર્મોજ કરાવ. મને પાપ કર્મો કરવાની બુદ્ધિ જ ન થાય તેવું કરજે. હું સતત મારા મન-વચન અને કાયાના યોગોથી સારૂંજ વિચારૂં સારૂં જ બોલું અને સત્કાર્યો કરી સુખ પામું એવી બે હાથ જોડીને પ્રાર્થના છે.

## ઈશ્વરને પત્ર

પ્રિય,

આજે થયું, ચાલ બે ઘડી વાત કરીએ,
એક વાતે હું સતત દ્વિધા અનુભવી રહયો છું,
તારા ભક્તોની જેમ હું વ્રત-ઉપવાસ નથી કરતો,
તપ-જપમાં મારે ગોઠતું નથી,
સામાયિક, પ્રતિક્રમણ, પૂજા-પાઠ, શિબિર-સાધના કંઈએ
મારા ખાતામાં નથી.
એટલે સહેજે દ્વિધામાં છું કે તું નારાજ તો નથી ને ?
મોઢું તો નહિં ફેરવી લે ને ? હવે કંઈ કહીશ ?
આમ મીઠું મીઠું મરકે છે તે મારે શું સમજવું ?
તારો....

– દિનેશ ગોસર

*Visit* **Dr. Priyanka's**
# HOMEO CLINIC
**TREATMENT AVAILABLE FOR**
**• DIABETES• THYRIOD • SKIN PROBLEMS • WEIGHT LOSS • MIGRAINE**
**• SCIATICA • KIDNEY, GALL STONES • PILES • FEMALE PROBLEMS • SINUS**
**AND OTHER COMMON, SPECIFIC MEDICAL AILMENTS**
(જા.ખ.)
**Near Jain Temple, Kachiguda, Hyderabad 500 027. Ph : +91 88860 43483**
**TIMINGS : MONDAY TO FRIDAY : 6.00 PM TO 8.00 P.M.**
**SATURDAY : 11.00 AM. TO 2.00 P.M. SUNDAY HOLIDAY**

## જૈન માયનોરિટી

વ્યક્તિગત રીતે મારી સમજ પ્રમાણે બંધારણીય ભાષામાં જૈન ધર્મ અને જૈન ધર્મના અનુયાયી એ ભિન્ન ભિન્ન બાબતો છે.

માયનોરિટી કમીશનનો કાયદો ધર્મના અનુયાયીઓના હિતોને લક્ષમાં રાખી બન્યો છે. ધર્મના હિતોને લક્ષમાં રાખીને તે કાયદો બન્યો નથી.

કોઈપણ પ્રજાના ધાર્મિક, આર્થિક, સામાજિક અને રાજકીય હિતો હોય છે. માયનોરિટી કમીશનનો કાયદો આ ચાર પાસામાંથી માત્ર અનુયાયીઓના આર્થિક, શૈક્ષણિક જેવા પાસાને સ્પર્શે છે. તે કાયદો ધાર્મિક હિતોના પાસાને સ્પર્શતો નથી.

'માયનોરિટી' તરીકે જાહેર થયેલા વિભાગોના આર્થિક, શૈક્ષણિક વગેરે હિતોની રક્ષા બાબત સરકારને માત્ર સૂચન કરી શકે છે, કારણકે તેટલીજ તે કમીશનની કાર્ય મર્યાદા છે. ધાર્મિક હિતોની રક્ષા બાબત સૂચન કરવું એ તેના કાર્યક્ષેત્રની મર્યાદા બહાર છે. તે તેમ કરી શકે પણ નહિં કારણ કે ધર્મના મુદ્દા ઉપર માયનોરિટીનો કન્સેપ બંધારણે માન્ય રાખ્યો નથી, તેથી માયનોરિટી કમીશન ધર્મના હિતોની બાબતોને સ્પર્શી શકે નહિં.

જેઓ એવી માન્યતા ધરાવે છે અને મોટે ઉપાડે પ્રચાર કરે છે કે લઘુમતીના દરજ્જાના સ્વીકારથી જૈનોના ધાર્મિક હિતોની રક્ષા થશે એટલે કે જૈન તીર્થો, મંદિરો, સ્થાનકો કે ઉપાશ્રયોની રક્ષા આ કાયદાથી થશે. તે એક ભ્રામક માન્યતા છે. વિષયના અભ્યાસનું અજ્ઞાન છે. જૈન ધર્મ અને જૈન ધર્મના અનુયાયી વચ્ચેનો ભેદ તેઓ સમજયા નથી. ધાર્મિક હિતોની રક્ષા માટેની કોઈજ જોગવાઈ માયનોરિટી કમીશનના કાયદામાં નથી. ધાર્મિક હિતોની રક્ષા બાબત જોગવાઈ માત્ર બંધારણમાં મૂળભૂત હક્ક તરીકે છે અને તે હક્ક ભારતના સર્વે નાગરિકોને સમાન રીતે ઉપલબ્ધ છે. કોઈ પણ ધર્મ વિશેષને અલાયદા અને અન્યોથી ચડિયાતા હક્ક નથી.

પબ્લિક ટ્રસ્ટ એકટ એ પ્રધાન પણે જૈન શાસનની ધાર્મિક દ્રવ્ય વ્યવસ્થા ઉપરનું સરકારી આક્રમણ છે. એ જૈન ધર્મના અનુયાયીઓ ઉપર સીધુ આક્રમણ નથી. માયનોરિટી કમીશન પબ્લિક ટ્રસ્ટ એક્ટ જૈન ધર્મને લાગુ ન પાડી શકાય એવું સૂચવી નહિં શકે કારણકે એ અધિકાર આ કમીશન ને નથી. જ્યારે લો એન્ડ ઓર્ડરની સ્થિતિનો ભંગ થાય ત્યાં તમામ ધાર્મિક સ્થળોની રક્ષા કરવી પડે. જેમાં કોઈ પણ ધર્મનું સ્થળ હોય.

– દિનેશ ગોસર


# FOR RENTAL

**Ready to occupy**

**2 Bed Room Flat for Rent (1000 Sq.Ft.)** (જા.ખ.)

***at Flat No. 3, Block 'B', 1st Floor, Suryanarayan Apartment, 3-4-319/3, Kachiguda, Hyderabad.***

***Contact : 040-2335 3171, 9989660700***

# ગંગા, યમુના, નર્મદા અને નાઈલનો ધર્મ છે : 'માતૃત્વ'

એક સમજુ ગૃહિણી ઠંડા પાણીનો ઘડો લઈને એ મજૂરો પાસે પહોંચે છે

માણસને પાણીની તરસ લાગે છે,
કોકાકોલાની નથી લાગતી.
કોકાકોલા તરસ ન છિપાવે,
પરંતુ એમાં રહેલું પાણી જ
આપણી તરસ છિપાવે છે.
માનવીની તરસ પવિત્ર છે,
તેથી જ જલ પવિત્ર છે.
કોકાકોલાની દુકાન હોય છે,
જ્યારે પાણીની પરબ હોય છે.
માણસની પ્રાથમિક જરૂરિયાતોમાં
ભૂખ કરતાંય તરસ પ્રથમ ક્રમે આવે છે.
ગંગા, યમુના, નર્મદા અને નાઈલનો
ધર્મ એક જ છે : 'માતૃત્વ'

પાણીથી ભરેલા એક ગ્લાસની કિંમત કેટલી ? ભરબપોરે આપણે ત્યાં આવી પહોંચેલા ટપાલીને, આંગડિયાને, રિક્ષાવાળાને કે વટેમાર્ગુને સામે ચાલીને પાણીનો ગ્લાસ ધરવો એ તો સાવ બિનખર્ચાળ સૌજન્ય ગણાય. માનવતાને તો અસંખ્ય નાની નાની સજ્જનતા થકી પોતાનું સ્મિત પ્રગટ કરવાની ટેવ છે. સહરાના રણમાં તરસે રખડતા અજાણ્યા આરબ માટે પાણીના એક ગ્લાસની કિંમત પોતાની જિંદગી જેટલી ગણાય. એ ગ્લાસ કેટલા દીનારનો પડયો એવું ન પૂછાય. માતાનું ધાવણ અમૂલ્ય છે. સૌરાષ્ટ્ર અને કચ્છના તરસ્યા વિસ્તારો માટે નર્મદાનું મીઠું જળ એ તો નવજીવનનું નૃત્ય છે.

જલતત્ત્વ એ જીવનની જરૂરિયાત નથી, સાક્ષાત્ જીવન છે. પાણીનો બગાડ કરવો એ ઈશ્વરનો અપરાધ છે. કારણ કે એમ કરવામાં જલદેવતા અપમાનિત થાય છે. ગંગામાં પ્રદૂષણ ફેલાવનારા હિન્દુઓ ગંગાને માતા કહે છે. કાશીના પવિત્ર ગણાતા દશાશ્વમેઘ ઘાટ પર મેં ગંગાજળ પર નરકની પથારી જોઈ છે.

જે મનુષ્ય, જગતની
પાણીની સમસ્યાનો ઉકેલ બતાવશે,
તેને બે નોબેલ પારિતોષિક પ્રાપ્ત થશે :

એક વિજ્ઞાનનું અને બીજું વિશ્વશાંતિનું

તરસ પવિત્ર છે, માટે તરસતૃપ્તિ પવિત્ર છે. તરસ પવિત્ર છે માટે ગંગાજળ કે નાઈલજળ પવિત્ર છે. એક નદીનું હોવું એટલે શું ? જો આ પ્રશ્નનો જવાબ મળી જાય, તો પ્રાર્થના કરવાની જરૂર નથી.

**– સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર. દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા રેલ્વેસ્ટેશનથી ટ્રેન દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનું આયોજન રહેશે. આ યાત્રા શ્રી સંઘ દ્વારા કરાવવામાં આવશે. ભાવિકોને આ સુંદર આયોજનનું લાભ લેવા આગ્રહભરી વિનંતી છે.

વિશેષમાં શ્રી મેડચલ તીર્થ યાત્રાના સંઘપતીનો નકરો રૂ. ૨૧૦૦/- રાખવામાં આવેલ ચે. માર્ચ-૨૦૧૪ના સંઘપતી દ્વારા શ્રી પ્રવિણભાઈ મોદી હસ્તે સ્રી જયેશભાઈ મોદી તા. ૧૬ માર્ચ ૨૦૧૪ના આયોજનના દ્વિવસે તીર્થ ક્ષેત્રે શ્રી ભોમીયાજીનું પૂજન હતુ લગભગ યાત્રામાં ૬૦ જેટલા ભાવીકો જોડાયા હતા સર્વે ભાવિકોને પૂજનનું સુંદર લાભ મળેલ.

શ્રી મેડચલ તીર્થ યાત્રાના દર મહિનાના સંઘપતી રૂપે ડિસેમ્બર ૨૦૧૪ સુધી નામોનોધાઈ ગયા છે. સર્વે દતાઓની ભુરીભુરી અનુમોદના, કાઈ પણ સ્કીમ જાહેર થવાની વાર છે. સ્કીમનો લાભ લેવા પડા-પડી થઈ જાય છે.

**સંઘપતીના નામો નીચે મુજબ છે.**

૧) માતુશ્રી વનીતાબેન મોદી હસ્તે શ્રી રાજેશભાઈ મોદી, ૨) માતુશ્રી વનિતાબેન મોદી હસ્તે શ્રી ઉદયભાઈ મોદી, ૩) માતુશ્રી વિજયાબેન મનસુખલાલ મહેતા, ૪) શ્રી પ્રેમચંદભાઈ મોતા કલકતા, ૫)શ્રી ચંદ્રકાન્તભાઈ ધરોડ, ૬) શ્રી ભુપેન્દ્ર શામજી વિરા, ૭) શ્રી તારાચંદ મગનલાલ ગડા, ૮) શ્રી ભરતભાઈ વિશનજી વોરા, ૯) માતુશ્રી હિરાબાઈ પાસુ દના છેડા.

આજીવન સભ્યપદની નોંધણી પૂર જોશમાં ચાલી રહી છે. રૂા.૫૦૧/- ભરી આપ શ્રી સંઘના આજીવન સભ્ય બની શકો છો. તથા શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના આયોજનમાં જોડાઈ શકો છો. આ યાત્રા આપશ્રીને શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે.

શ્રી સંઘના સાધારણ ખર્ચને પહોંચી વળવા રૂા.૧૧૧૧/- ના સંકલ્પ અનુદાન પત્રો શ્રી સંઘે બહાર પાડ્યા છે. જેનો વિતરણ શ્રી સંઘ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આપણા જીવનના શુભ પ્રસંગોને યાદગાર બનાવવા તથા આપણા વડીલોની સ્મૃતીમાં અનુદાન પત્રો લઈ પુણ્યાર્જનનો કાર્ય થઈ શકે છે.

આપશ્રીના સહકાર્ય તથા સુઝાવો થી શ્રી સંઘ ભગીરથ કાર્યો હાથે ધરવા તત્પર છે. આપશ્રીના સુઝાવો તથા આપશ્રી કઈ રીતે શ્રી સંઘને મદદ રૂપ થઈ શકો છે ? લેખીત જણાવવા વિનંતી. યોગ્ય કાર્યની પહેલ વહેલી તકે થઈ શકે છે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (શુ.મં.)